જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૦૪/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૯ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ સમાચાર યાદી નં.૬૩૪/૨૦૨૩

**વાડજઃ** પુજાબહેન ડો/ઓ રાજેન્દ્રભાઇ ખત્રી (ઉ.વ.૨૬)(રહે.મંગલમુર્તિ એપાર્ટમેન્ટ ટેલિફોન એક્ષચેન્જ પાસે, નારણપુરા) એ તા.૧૬/૦૪/૨૦૨૩ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે ચારેક મહિના પહેલા થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઇન્કમટેક્ષ, આર.બી.આઇ ની ગલીમાં આવેલ પુજાબહેનની “છોલે ભટુરે” ની લારી ઉપર આરોપી (૧)ધનાભાઇ પુંજાભાઇ રાઠોડ અને (૨) મોહનભાઇ ધનાભાઇ રાઠોડ (બંને રહે. પ્રેમનગરના છાપરા બકરામંડી એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાછળ રાણીપ) એ ભેગામળી પુજાબહેનને “સાંઇબાબા નિરાધાર ગરીબ સમાજ” નામની સંસ્થા ચલાવી ગરીબ માણસોને સરકારી આવાસ યોજનાના સસ્તા મકાન અપાવે છે” તેવી વાત કરી વિશ્વાસમાં લઇ, બે મકાન પેટે પુજાબહેન પાસેથી કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મેળવી લઇ મકાનનો ખોટો પજેશન લેટર આપી પુજાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ</u>** **<u>સમાચાર યાદી નં.૬૩૫/૨૦૨૩</u>**

**શાહીબાગઃ** શાલુબહેન વા/ઓ અમિતભાઈ અગ્રવાલ (ઉ.વ.૩૮)(રહે.શિલાલેખ એપાર્ટમેન્ટ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૩ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે ઓશવાલ ભવન રોડ આરોગ્ય પાર્ક સોસાયટી મકાન નંબર-૨૭ આગળ રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ શાલુબહેનના ગળામાંથી સોનાની ચેઇન ૫૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૩૬/૨૦૨૩</u>**

**સરખેજઃ** કરણભાઇ પ્રકાશભાઇ ચુનારા (ઉ.વ.૧૯)(રહે.ચુનારા વાસ મોઇનપાર્ક સરખેજ ગામ)એ અગમ્ય કારણસર તા.૧૫/૦૪/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને જુહાપુરા “આમેના ખાતુન” હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**રામોલઃ** હેમંતભાઇ નરોતમભાઇ તીરધર (ઉ.વ.૩૦)(રહે.તીરધરવા ભરવાડવાસ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૩/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૪/૨૦૨૩ સવારના ૧૧/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી